ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

વર્ષ : ૧ અંક : ૧૧ જુલાઈ-૨૦૧૩



અધુરી રમત છોડીને કોઇ આમ જતુ હશે ?
મજધાર પાર કરાવીને શું કીનારે આમ કોઇ ડુબતું હશે ?

ઘર-કુટુંબ અને સમાજની સાથે એક અતુટ નાતો બાંધી અને
જીંદગીની મજધારમાં આમ એકલા છોડી ગયેલ
ભાવનાને એક હૃદયાંજલી...



ડૉ. ડી. પી. ચિખલીયા

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧ અંક : ૧૨ જુલાઇ-૨૦૧૩

**મુદ્રક • માલિક • પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. રમેશ ભાંખર
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. વિકાસ રાઠોડ

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂતિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

## સ્વ. ભાવનાબેન ચિખલીયા

# જીવન ઝરમર....

ઇ.સ. ૧૯૫૫ ફેબ્રુઆરી ૧૪ તારીખના એક ઉત્તમ કોટીનો આત્મા અમરેલી જીલ્લાના દેવડકી ગામે શ્રીમતિ સવિતાબેન તથા શ્રી જમાનાદાસભાઇ પ્રેમજીભાઇ ભૂવાને ત્યાં દિકરી રૂપે અવતર્યો.

સમય વીત્યે બાળપણથી જ દરેક પ્રવૃતિ જેવી કે અભ્યાસ, રમત-ગમત કે અન્ય કોઇપણ સ્પર્ધામાં લીડરશીપના ગુણો સાથે વિકાસ થતો ગયો.

કોલેજકાળના અભ્યાસમાં કોલેજની અંદર ગર્લ્સની આગેવાની લઇ એક સક્ષમ લીડરશીપ સંભાળીને જન્મજાત નેતાની ઓળખ આપનાર આપણા સહુના લાડીલા આદરણીય, વંદનીય એવા શ્રીમતિ ભાવનાબેન ચિખલીયા આજે આપણી વચ્ચે નથી છતાં નથી એમ નહીં કહી શકાય. પણ સ્વામી વિવેકાનંદ એવું કહે છે કે....

જે ક્ષણે તમે પ્રાણમાંથી પ્રેમનું સર્જન કરવામાં સફળ નીવડો એજ ક્ષણે તમે મુકત બનો છો.

એમ શ્રીમતિ ભાવનાબેન આપણાને દરેકને પ્રાણથી વધારે ચાહી પ્રેમનું સર્જન કરીને મુકતી પામ્યા છે. કે પછી બેન્જામીન ફેકલીન એવું કહે છે કે જે વહેલુ મૃત્યુ પામે ઓ એટલી જ વધુ યાદો માં અમર બની જાય છે. તો આપણા દીલમાં પ્રેમની સરવાણી થઇ વસી ગયેલા શ્રીમતિ ભાવનાબેન ચિખલીયાને એમના જીવન સંભારણાની યાદો સાથે જબ્દોરૂપી જીવન ઝરમર એક શ્રધ્ધાંજલી સાથે...

વર્ષ ૧૯૭૮, ૫ માર્ચ મુળ જેતલસર ગામના જમનાદાસભાઇ પ્રેમજીભાઇ ભુવા તથા શ્રીમતિ સવિતાબેનની દિકરી ભાવનાને ગામ આરબ ટીંબડી, તાલુકો જીલ્લો નિવાસી શ્રી પાંચાભાઇ ચિખલીયા તથા શ્રીમતિ મણીબેનના પુત્ર ડૉ. દેવરાજ સાથે પરણાવી અને એમના જીવન સંસાર રથના ચક્કો ગતિમાન થયા.

લગ્નના શરૂઆતના દિવસોમાં આનંદ પ્રમોદ, હોસ્ટેલમાં સાહેબ સાથે રહેવું, મિત્રોની તથા સગા-વ્હાલાની અપૂર્વ પ્રેમથી સાર સંભાળ રાખવાની સાથે ડૉ. દેવરાજને ર્જરીમાં ઉત્તમ પરીણામ મળે તેવી તૈયારી કરાવી. જેના પરીણામ સ્વરૂપે સર્જરીમાં ગોલ્ડમેડલ મળ્યો.

સમય વિતતા વર્ષ ૧૯૮૧, ૧૦ જાન્યુઆરી ડૉ. દેવરાજ ચિખલીયાને ત્યાં શ્રીમતિ ભાવનાબેન ની કુખે પુત્ર રત્ન શૌનકનું અવતરણ થયુ. જવાબદારી વધતી ચાલી સફળ દાંપત્યની સાથે સાથે માતૃત્વની જવાબદારી વધી અને શરૂ થઇ એક શકિતશાળી નારીના આઇડલ તરીકેની યાત્રા.

''યોગઃ કર્મષ કૌશલમ્''

જે કાર્યો હાથ ધરો તેમા સમગ્રતાથી ડુબી





નિપુણતા મેળવી સર્વોત્તમ રીતે સિધ્ધ કરવું.

ભાવનાબેને આજની નારીને એક ઉદાહરણ પુરૂ પાડયું કે લગ્ન જીવન, માતૃત્ત્વ તથા ઘર સંસારની જવાબદારી નિભાવવાની સાથે તમે તમારી પોતાની પણ પ્રગતી કરી શકો છો. જે અનુસાર તેમણે ફરી અભ્યાસ શરૂ કર્યો અને મેળવી વકીલાતની પદવી.

અહં શુન્ય વ્યકતી દ્વારા જ શ્રેષ્ઠત્તમનું સર્જન શકય છે.

પંડિપ દિનદયાળ ઉપાધ્યાય અને શ્રી શ્યામાપ્રસાદ મુખર્જીના વિચારોથી આકર્ષીત એવા ભાવનાબેન આપણા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માગદર્શન તથા સુચના અનુસાર ભારતીય જજનતા પાર્ટીમાં વિધીવત પ્રવેશ કરી ૧૯૯૧ની દશમી લોકસભામાં ૮૦,૦૦૦ મતની જંગી સરસાઇથી જીત મેળવી.

આ જીતમાં માનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની માર્ગદર્શનની ભૂમિકા તો હતી જ, સાથે ડૉ. દેવરાજ ચિખલીયાની જુનાગઢ જીલ્લામાં અભૂતપુર્વ તબીબી સેવા અને ચાહનાનો લાભ પણ ભાવનાબેનને મળ્યો અને પ્રારંભ થયો એક મેરેથીન રાજકીય કારકીર્દીનો.

ભાવનાબેને, નેતાગીરી તથા હીમત કેવા હોય અને નારી શકતી શું કરી શકે એ તાકત એમણે રાધનપુર વિધાનસભાની પેટા ચુંટણીમાં બતાવી. રાધનપુરના સુઇ ગામમાં ચુંટણી પ્રચાર માટે ભાજપના કાય્કરો એ જવું એ અતિકઠીન તા મુશ્કેલ હતું. રાધનપુરના સ્થાનિક કાર્યકરોની



સ્પષ્ટના કે આ વિસ્તારમાં ભાજપના ચુંટણી પ્રચારમાં જવું એ અતિ કપરૂ કાર્ય છે.

ભાવનાબેન અને તેમના સાથી કાર્યકરો કે જે એમની સાથે હતા તે બધાને લઇ ભાવનાબેન સુઇ ગામે ચુંટણી પ્રચાર માટે ગયા. નિર્ભયતાપૂર્વક ત્યાં પ્રાર કર્યો અને આ જગ્યા પર તેમના પર હુમલો થયો. પરંતુ હીંમતપૂર્વક તેનો સામનો કરી રાધનપુર સીટ જીતવામાં ઉત્તમ કામગરી બતાવી. અને ખાસતો આ ચુંટણીના ઇન્ચાર્જ તરીકે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી હતા.

જુદી જુદી જવાબદારીઓ વધતી ચાલી ઇ.સ.૧૯૯૩-૧૯૯૬ ભાજપ પાર્લામેન્ટ અફેર્સ એકઝીક્યુટીવ સેક્રેટરી તરીકેની કામગીરી સંભાળી. ૧૯૯૬માં અગીયારમી લોકસભાની ચુંટણીમાં ફરી વખત ૧,૦૮,૬૭૨ મતોની જંગી બહુમતી સાથે વિજયી થયા. સાથે નેશનલ શીપીંગ બોર્ડના મેમ્બર બન્યા. ૧૯૯૬-૧૯૯૮માં ગુજરાત ભાજપા મહીલા મોર્ચાના વાઇસ પ્રેસીડેન્ટ બન્યા. તેમની સાથે સાથે ઓલ ઇન્ડીયા મહીલા માર્ચાના વાઇસ પ્રેસીડેન્ટ પણ બન્યા.

ઇ.સ. ૧૯૯૮માં બારમી લોકસભાની ચુંટણીમાં ફરી એક વખત ૯૦,૦૦૦ મતની લીડ સાથે વિજયી ઘોષિત થયા. લોકસભાની અંદર નિયમિત હાજરી સાથે પોતાના વિસ્તારના વિકાસને સ્પર્શતા અનેક મુદાઓને ધ્યાનમાં રાખી તેમની સબળ રીતે રજુઆત કરી. અને આ સાથે કૌટંબીક જવાબદારીઓ પણ ખુબ સહજતાથી નિભાવી. સમાજની અંદર ડૉ. ચિખલીયા દંપતિ આદર્શ રાજકીય દંપતિમાં ગણાવા લાગ્યા. આ આદર્શ માન મેળવવામાં સૌથી મોટો ફાળો ડૉ. દેવરાજ ચિખલીયાનો રહેલો. ભાવનાબેન સાંસદ બન્યા પછી સતત વ્યસ્તા અને ઘરમાં નહીવત હાજરી છતાં પત્ની તરફ સંપૂર્ણ આદર અને સ્વતંત્રતા સાથે કોઇ કાર્યમાં બીલકુલ હસ્તક્ષેપ ન











કરી એક ઉત્તમ પતિ તરીકેનું ઉદાહરણ સમાજને આપ્યું.

ઇ.સ. ૧૯૯૯માં તેરમી લોકસભાની ચુંટણી આવી અને તેમા વિજયી બન્યા અને મેજર માઇલ સ્ટોન એ જોવા મળ્યો કે રાજકીય કારકીર્દીમાં ગુજરાતમાં પ્રથમ મહીલા તરીકે સતત ચાર વખત ચુંટણી લડયા અને લોકસભાની અંદર લોકપ્રતિનિધિત્વ કર્યુ. આમ છતાં નમ્રતા એટલી કે અમથી જ વાત કરે અને સામે વાળી વ્યકિતને પોતાના હોય તેવી લાગણી સહેજે થતી. આનાથી તો મોટી નમ્રતા બીજી શું હોઇ શકે ? ઇ.સ. ૧૯૯૯-૨૦૦૨ ભારતીય રેલ્વે કન્વેશન કમીટીના ચેરમેન બન્યા.

૨૦૦૧ના કચ્છના ભુકંપ વખતે રાજકીય કક્ષાના વ્યકિતમાં સૌ પ્રથમ ત્યાં જનાર વ્યકિત તરીકેનું બહુમાન ભાવનાબેનને મળેલ અને સાથે તેમના પતિ ડૉ. ડી. પી. ચિખલીયા તેમની મેડીકલ ટીમ સાથે ધટનાસ્થળ ઉપર પહોંચી અસરગ્રસ્તોની સેવા કરી હતી.

રાજકારણમાં દરેક વ્યકિતનું એક સ્વપ્ન હોય છે કે કેન્દ્રમાં પ્રધાનપદ મેળવવું. આ સ્વપ્ન સાકાર થયુ તા.૨૯.૧.૨૦૦૩માં માનનીય શ્રી અટલબિહારી વાજપેયી સાહેબના વડાપ્રધાન પદ હેઠળ શ્રીમતિ ભાવનાબેન ચિખલીયાની મીનીસ્ટર ઓફ સ્ટેટ ઓફ ટુરીઝમ એન્ડ કલ્ચર બન્યા અને સાથે પાર્લામેન્ટરી અફેર્સ તરીકેનો ૧૬ મહીનાનો સુવર્ણમય કાર્યકાળ મળ્યો. ટુરીસ્ટ મીનીસ્ટર તરીકે સૌથી મોટી ઉપલબ્ધી સોમનાથ મંદિરે લાઇટ એન્ડ સાઉન્ડ સો અપાવ્યો. આ ઉપરાંત સોમનાથ - વેરાવળ થી રાજકોટ બ્રોડગેજ રેલ્વે લાઇન અપાવી. જેતપુર - સોમનાથ સુધી ફોર ટ્રેક રોડ લાઇનની પ્રપોઝલ મુકાવી. આ ઉપરાંત પોતાની ગ્રાન્ટમાંથી જુનાગઢ સુદર્શન તળાવ માટે રૂપિયા ૧૦ લાખની ફાળવણી કરી.

૨૨ ઓકટોમ્બર, ૨૦૦૫માં ડૉ. દેવરાજ ચિખલીયા તેમજ શ્રીમતિ ભાવનાબેન ચિખલીયાને ત્યાં શરણાઇના સૂર રણકયા અને લેવાયા પુત્ર શૌનક લગ્ન તુલશી સાથે. કૌટુંબીક જવાબદારીઓ નિભાવવાની સાથે સાથે પક્ષની જવાબદારીઓ તો સંભાળવાની જ હતી.


આમ વર્ષોથી પક્ષને તન, મન, ધનથી સંપૂર્ણ સર્મપિત એવા શ્રીમતિ ભાવનાબેન પાસે પક્ષને માટે એક પડકારજનક પ્રશ્ન માટેની જવાબદારી સોંપવામાં આવી. જુનાગઢ મહાનગરપાલિકાની ૨૦૦૯માં ચુંટણી ધોષિત કરવામાં આવી. પક્ષે ભાવનાબેન આ ચુંટણી લડે તેવી લાગણી વ્યકત કરી અને ભાવનાબેને પક્ષની જવાબદારી સહર્ષ સ્વીકારી વોર્ડ નં-૬માંથી ચુંટણી લડી સાથી ઉમેદવારોની પેનલ સાથે જંગી બહુમતીથી વિજય મેળવ્યો. કોર્પોરેશનમાં વિરોધપક્ષે બેસી શાસકપક્ષ પાસે ઘણા લોકોપયોગી કાર્યો કરાવ્યા હતા.

ઘણા ટીકાકારોએ ટીકા કરી કે કેન્દ્રના પ્રધાન થઇ કોર્પોરેશનની ચુંટણી કેમ લડી શકશે, આતો હોદાનું લેવલ ઘણું નીચુ કહેવાય. કયાં કેન્દ્રના પ્રધાન અને કયાં કોર્પોરેટર. ત્યારે ભાવનાબેને ટીકાકારો ખુબ જ સુંદર જવાબ આપ્યો કે, હું મારી જાતને પક્ષને સમર્પિત એક વફાદાર કાર્યકર્તા તરીકે માનુ છું. પક્ષની મદદ અને સહકારથી હું સાંસદ થઇ, પક્ષે મને પ્રધાનપદ આપ્યુ. હવે જયારે પક્ષ મને કોર્પોરેશનની ચુંટણી લડાવે તે પણ મારા માટે ગૌરવની જ વાત છે. કારણ કે અંતે તો હું ચુંટણી પક્ષ માટે લડુ છું. પછી તે ચુંટણી સાંસદની હોય કે કોર્પોરેટરની હોય. ભાવનાબેનની આવી પક્ષ માટેની ઉચ્ચ વિચારસરણીની નોંધ લઇ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવ્યા. આવુ વિરલ વ્યકિતત્ત્વ તો કોઇ વિરલ વ્યકિતનું જ હોઇ શકે.

ભાવનાબેન અવાર-નવાર કહેતા કે કોઇ કામ પક્ષના લાભ માટે હોય તો તે નાનુ હોતુ જ નથી. પછી ભલે તે સંગઠનનું હોય, પ્રચારનું હોય, નગરપાલિકા કે પછી ધારાસભા કે લોકસભા લડવાનું હોય. પક્ષના કાર્યકર્તાએતો પક્ષની વિચારસરણી અને ભાવનાને સમજી લોકકાર્યો જ કરવાના હોય છે. ખરેખર ભાવનાબેને પંડિત દિનદયાળ ઉપાધ્યાય અને શ્યામાપ્રસાદ મુર્ખજીની વિચારસરણીને બરાબર આત્મસાત કરી હતી.

સમય જતા વર્ષ ૨૦૧૨માં પુત્ર શૌનકને ત્યાં પુત્રી રત્નનો જન્મ થતા ફરી એક











વધારાનું પ્રમોશન મળ્યુ 'દાદી' તરીકેનું. ફરી એકવાર કૌટુંબીક જવાબદારી શરૂ કરી. જાણે કે પોતાને ફરી બાળપણ પ્રાપ્ત થયું. અને જીંદગીમાં અસીમ ખુશીઓનો સાગર લહેરાવા લાગ્યો.

પરંતુ આ અસીમ ખુશી બહુ લાંબો સમય ન ટકી શકી. ૨૫ જુન, ૨૦૧૩ના રોજ હૃદયની ગંભીર બિમારી તથા ક્રીટીકલ સ્થિતિ સામે હૃદયનું મોટું ઓપરેશન અને સ્થિતિ વધારે ગંભીર બની.

ભાવનાબેનના સગા-સ્નેહીજનો તેમજ જુનાગઢ ભાજપાના કાર્યકર્તાઓ તથા લોકો દ્વારા તેમની સારી તંદુરસ્તી માટેની પ્રાર્થના શરૂ થઈ. પરંતુ કદાચ આપણા કરતા ઈશ્વરને તેમની વધારે જરૂરીયાત હતી અને તા.૨૮.૬.૨૦૧૩ના રોજ શ્રીમતિ ભાવનાબેન આ ફાની દુનિયા છોડીને સ્વર્ગારોહણે સીધાવ્યા. આ સમાચાર મળતા સારાયે જુનાગઢ જીલ્લા તેમજ કેન્દ્રીય લેવલ સુધી ભાજપા પક્ષમાં શોકની લાગણી વ્યાપી ગઇ.

ત્યારે અચાનક આપણા લોકકવિ દુલાભાયા કાગની આ બે પંકતી સરી પડે કે...

“મીઠપવાળા માનવી જેદી જગથી જશે, કાગા એની કાણ ઘરે ઘરે મંડાશે”

.....અને છેલ્લા દિલાસાની છેલ્લી યાદ રૂપે

જબ કુછ સપને અધુરે રહ જાતે હૈ, તબ દીલ કા દર્દ આંસુ બન કર બહ જાતે હૈ

જો કહતે હૈ કી હમ સીર્ફ આપકે હૈ, પતા નહી કૈસે અલવીદા કેહ જાતે હૈ

અને છેલ્લે....

સ્વર્ગસ્થ ભાવનાબેનની પ્રાર્થના સભામાં અકલ્પિત માનવ મહેરામણે એ બતાવી આપ્યું કે ભાવનાબેનની લોકો પ્રત્યેની લાગણી શું. સમાજના દરેક વર્ગના લોકો સાથે હળીમળી કામ કરવું. પછી તે નાનો માણસ હોય કે ઉચ્ચ સ્થાન પર રહેલ કોઇ અધિકારી બધાને પોતાના બનાવી એક વિરલ અને અદભુત નારી શકિત તરીકે ભાવનાબેન જોવા મળ્યા. આવા માનવ સહજ ઉચ્ચકોટીની વિચારીસરણી તેમજ લોકસેવાના સાચા પહરી તરીકેની જવાબદારી નિભાવવાના કારણે જ તેઓ ભાજપા પક્ષમાં પણ અદભુત માનને પાત્ર રહ્યા. જેના કારણે છેકે દિલ્હીના દરવાજેથી પક્ષના સારાયે મોવડી મંડળે આવી ભવાનાબેનને શ્રધ્ધાંજલીના શબ્દોરૂપી પુષ્પો અર્પી તેમણે કરેલા કાર્યોને બિરદાવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના પક્ષ પ્રમુખશ્રી રાજનાથ સિંહ, ભુતપૂર્વ નાયબ વડાપ્રધાનશ્રી એલ. કે. અડવાણી, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી, ગુજરાત ભાજપા પ્રમુખશ્રી આર. સી. ફળદુ, તથા ગુજરાત તેમજ કેન્દ્રના ભાજપા પક્ષના હોદેદારો તેમજ કાર્યકતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રીતે અપાયેલ શ્રધ્ધાંજલીએ ખરેખર તેમના સરળ, નિખાલસ અને નિડરતા ભર્યા નારીત્વના સહજ રીતે દર્શન કરાવી આપ્યા.

આતો માત્ર વંધ્યત્વના સામાન્ય કારણોની માત્ર ઝલક છે. બીજા કારણો તથા થતી સમસ્યાઓ અને તેનુ નિવારણ પણ અગત્યના છે. ઉપરના દરેક વિષયો ઉપરાંત અન્ય વંધ્યત્વને લગતા વિષયો પર વિસ્તૃત છણાવટ લેખશ્રૃંખલાના આવતા અંકોમાં કરીશુ.

















દ્રઢ સંકલ્પથી જ મનની ઉપર વિજય મેળવી શકાય છે.